EDII

**Divya Bhaskar**

**February 4, 2024**
**Bhuj ed.**

ભાસ્કર વિશેષ | હેન્ડ મેડ ઇન ઇન્ડિયા પ્રોજેક્ટ હેઠળ કચ્છ વીવર્સ એસો. સાથે બેઠક

# વણકરોમાં 'હેન્ડલૂમ માર્ક' અંગે જાગૃતિ આવે તે માટે 6 ક્લસ્ટરમાં વર્કશોપ યોજાયો

ભાસ્કર ન્યૂઝ | ભુજ

કચ્છની હસ્તકલા દેશ-વિદેશમાં પ્રખ્યાત છે. દાયકાઓથી અહીંની પ્રોડક્ટ ખરીદવા માટે વેપારીઓ આવતા હોય છે. ખાસ કરીને વણકર દ્વારા તૈયાર થતી સાલ અને અન્ય ઉત્પાદનનું બહુ મોટું માર્કેટ છે. પરંતુ તેના હેન્ડલૂમ માર્ક રજીસ્ટ્રેશન બાબતે હજુ જાગૃતિ ઓછી છે. આ વિષયને ધ્યાને લઈને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDI), અમદાવાદ દ્વારા હેન્ડ મેડ ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ હેઠળ હેન્ડલૂમ માર્ક રજિસ્ટ્રેશન પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.



ગુજરાત, મધ્યપ્રદેશ, ઓડિશા, આસામ અને તમિલનાડુમાં છ ક્લસ્ટરમાં આ વર્કશોપ દ્વારા હેન્ડલૂમ માર્ક અંગે જાગૃતિ આપવામાં આવી હતી. હેન્ડલૂમ ઉત્પાદનોની અધિકૃતતા અને મૌલિકતાનો પુરાવો આપવા માટે હેન્ડ માર્ક મહત્વપૂર્ણ છે. આ માર્ક મેળવવા માટેની નોંધણી પ્રક્રિયા ઓડિયો વિઝ્યુઅલ મોડમાં પ્રેક્ટિકલ ડેમો સાથે બતાવવામાં આવી હતી.

હેન્ડલૂમ માર્ક ગ્રાહકોને નકલી ઉત્પાદનો સામે અસલ ઉત્પાદન મેળવવામાં પણ મદદ કરે છે. આ વર્કશોપમાં કચ્છ વીવર્સ એસોસિએશનના સભ્યો અને ઈન્ડિયન ઓવરસીઝ બેંક ભુજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઈવેન્ટનું સંચાલન પ્રોજેક્ટર HSBC ના સહકારથી સંસ્થા અમદાવાદ 2019 થી હેન્ડ મેડ ઇન ઈન્ડિયા પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. ગ્રામીણ કારીગરોમાં સાહસિકતાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે આ પ્રોજેક્ટ તેમને નાણાકીય સમાવેશ માં ગત વર્ષે અલગ અલગ વણકરો ને સરકાર ની વાજપેયી બેન્કેબલ યોજના તથા પ્રધાનમંત્રી રોજગાર નિર્માણ કાર્યક્રમ યોજનાઓમાં વણકર મિત્રો ને એક કરોડ પંદર લાખની લોન અપાવામાં મદદ કરી હતી. જ્યારે ડિઝાઇન ડેવલપમેન્ટમાં વણકર મિત્રો ને 70 થી વધારે નવા ઉત્પાદન ડેવલપમેન્ટ બનાવામાં મદદ કરી હતી. અંતરીયાળ ગામમાં વણાટ કરતા કારીગરોની ઓળખ થાય તે માટે તેમના ઘર ના પ્રવેશ દ્વાર ઉપર નેમ પ્લેટ પણ લગાડી આપવામાં આવે છે.

અત્યાર સુધીમાં, HMI ભુજ ક્લસ્ટરે આવા 400 ઘરોને મદદ કરી છે. HMI એ દેશના વિવિધ ભાગોમાં 11 પ્રદર્શનોમાં ભાગ લેવા વણકરોને મદદ કરી છે. આ પ્રોજેક્ટના છેલ્લા 5 વર્ષમાં વણકરોની આવક 4 કરોડથી વધી છે. આ પ્રોજેક્ટ કચ્છ કક્ષાના પ્રોજેકટર કોઓર્ડિનેટર સચિન મહેશ્વરી, માસ્ટર ટ્રેનર દેવાંગ સોમપુરા અને NIFT ડિઝાઇનર કુ. શૈલજા સોની દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે.